— A guide by Dr. Kedar Upadhyay

# તમારા લીવરને સુરક્ષિત રાખવા, ફેટી લીવરને રિવર્સ કરવા, આયુર્વેદિક આહાર અને દૈનિક આરોગ્ય માટેની સંપૂર્ણ માર્ગદર્શિકા.



Liver · યકૃત

Detox · Fatty Liver · Bile · Immunity · Diet

FOR EDUCATIONAL PURPOSES · NOT MEDICAL ADVICE



**Dr. Kedar Upadhyay**
BAMS · PGDYN · MBA HEALTHCARE
Atharva Ayurveda & Panchakarma Centre, Ahmedabad

+91 85111 31115
G-402, Titanium City Centre, Prahlad Nagar, Ahmedabad ↗ atharvaayu.com

@dr.kedar INSTAGRAM
@drkedar FACEBOOK
drkedar LINKEDIN
@DrKedarUpadhyay YOUTUBE
@drkedarupadhyay THREADS
contact@atharvaayu.com EMAIL

01 પ્રસ્તાવના · INTRODUCTION

# લીવર શું છે?

લીવર **(યકૃત)** એ આપણા શરીરનું સૌથી મોટું **આંતરિક અંગ (Internal Organ)** છે. સમગ્ર શરીરમાં ત્વચા (Skin) પહેલા ક્રમે અને લીવર બીજા ક્રમે આવે છે. લીવરને આપણા શરીરની **'કેમિકલ ફેક્ટરી'** અથવા *'પ્રોસેસિંગ પ્લાન્ટ'* કહી શકાય.

જો લીવરને નુકસાન થાય, તો શરીરની ઘણી બધી સિસ્ટમ્સ એકસાથે ખોરવાઈ જાય છે. આ ગાઇડ તમને લીવરના કાર્યો, **ફેટી લીવર**ની સમસ્યા અને તેને રિવર્સ કરવા માટેના આયુર્વેદિક તેમજ આધુનિક ઉપાયો વિશે સરળ માહિતી આપે છે.

## લીવર શરીરમાં શું કામ કરે છે?

| સ્ટોરેજ | ડિટોક્સ | પિત્તરસ | પ્રોટીન | ઇમ્યુનિટી |
|---|---|---|---|---|

- **સ્ટોરેજ ઓર્ગન (Storage):** વધારાના ગ્લુકોઝને **ગ્લાયકોજન** સ્વરૂપે સંગ્રહે છે, અને Vitamins A, D, E, K તેમજ આયર્ન-કોપર જેવા મિનરલ્સનો સંગ્રહ કરે છે.
- **લોહીનું શુદ્ધિકરણ (Detoxification):** ખોરાક કે દવાઓ દ્વારા આવતા ટોક્સિન્સને ફિલ્ટર કરી લોહીને શુદ્ધ રાખે છે.
- **પિત્તરસનું નિર્માણ (Bile Production):** પિત્તાશયમાંથી નાના આંતરડામાં જઈ ચરબી (Fats) પચાવવાનું કામ કરે છે.
- **પ્રોટીનનું નિર્માણ:** લોહી ગંઠાવા માટેના **Clotting Factors** અને સોજા અટકાવતું **Albumin** પ્રોટીન બનાવે છે.
- **રોગપ્રતિકારક શક્તિ: કુફર સેલ્સ (Kupffer Cells)** બેક્ટેરિયા અને વાયરસના ઇન્ફેક્શનથી બચાવે છે.

> યાદ રાખો આયુર્વેદ અનુસાર લીવર **'યકૃત'** એ પિત્તનું મુખ્ય સ્થાન છે. યકૃતમાં રહેલું **'રંજક પિત્ત'** રસ ધાતુને **'રક્ત ધાતુ' (લોહી)** માં ફેરવે છે.

02 ફેટી લીવર · WHAT & WHY

# ફેટી લીવર શું છે?

જ્યારે લીવર પર સામાન્ય કરતાં **વધારે પડતી ચરબી જામી જાય** અને તેના કાર્યોમાં અવરોધ આવે, ત્યારે તેને **ફેટી લીવર** કહેવાય છે. સામાન્ય રીતે લીવર ચરબી ફિલ્ટર કરે જ છે, પણ જ્યારે ચરબીનો લોડ વધી જાય ત્યારે તે પૂરી ફિલ્ટર નથી થઈ શકતી અને લીવરની અંદર જ જમા થવા લાગે છે.

### OBESITY

**વજન વધારે** — શરીરની વધારાની ચરબી સીધી લીવરમાં જમા થાય છે.

### INSULIN RESISTANCE

**ઇન્સ્યુલિન રેઝિસ્ટન્સ** — ચરબીના કોષો સીધા લોહીમાં ભળી લીવર પર લોડ વધારે છે.

### DIET & ALCOHOL

**ખોટો ખોરાક** — વધુ ખાંડ, મેદો, પ્રોસેસ્ડ ફૂડ, દારૂ અને કેટલીક દવાઓ.

## ફેટી લીવરના મુખ્ય બે પ્રકાર

### A Alcoholic Fatty Liver Disease

AFLD · આલ્કોહોલિક ફેટી લીવર

**દારૂના અતિસેવનથી** થતું ફેટી લીવર. દારૂ લીવરના કોષોને સીધું નુકસાન કરે છે.

### B Non-Alcoholic Fatty Liver Disease

NAFLD / MAFLD · નોન-આલ્કોહોલિક (મેટાબોલિક) ફેટી લીવર

**દારૂ ન પીતા** લોકોમાં વજન, ઇન્સ્યુલિન રેઝિસ્ટન્સ અને ખરાબ મેટાબોલિઝમથી થતી સમસ્યા.

નોંધ NAFLD ને હવે તબીબી રીતે **MAFLD (Metabolic-Associated Fatty Liver Disease)** પણ કહેવાય છે — એટલે કે **મેટાબોલિઝમ સાથે જોડાયેલું** ફેટી લીવર.

02 આયુર્વેદિક દ્રષ્ટિકોણ · AYURVEDA

# આયુર્વેદ શું કહે છે?

આયુર્વેદ અનુસાર લીવર **'યકૃત'** પિત્તનું મુખ્ય સ્થાન અને **'રક્તવહ સ્રોતસ'** (લોહી વહન કરતી સિસ્ટમ) નું મૂળ છે. પિત્તના સ્થાન પર જ્યારે **કફ અને મેદ (ચરબી)** નું આવરણ ચડે ત્યારે ફેટી લીવર થાય છે — તેથી **કફ-મેદ નાશક** ઉપચારો શ્રેષ્ઠ ગણાય છે.

આપણે જે ખોરાક ખાઈએ છીએ તેમાંથી **'આહાર રસ'** અને **'રસ ધાતુ'** બને છે. આ રસ ધાતુ જ્યારે લીવરમાં રહેલા **રંજક પિત્ત** સાથે ભળે છે, ત્યારે તેનું **'રક્ત ધાતુ' (લોહી)** માં રૂપાંતરણ થાય છે.

## તંદુરસ્ત VS ફેટી લીવર



**તંદુરસ્ત લીવર**

HEALTHY · <5% FAT

સ્મૂધ, સમાન રંગ ને કાર્યક્ષમ.



**ફેટી લીવર**

FATTY · >5% FAT

ચરબીના ટીપાં જમા, કાર્યમાં અવરોધ.

**ચેતવણી** ફેટી લીવર એ એક **'Silent' (શાંત) રોગ** છે — શરૂઆતી લક્ષણો દેખાતા નથી. માત્ર **સોનોગ્રાફી** દ્વારા જ તેની ખબર પડે છે.

03 રિવર્સલ & ડાયેટ · REVERSAL & DIET

# શું ફેટી લીવર મટી શકે?

**હા, ફેટી લીવર ચોક્કસપણે રિવર્સ થઈ શકે છે.** સોનોગ્રાફીમાં તેના સ્ટેજ જોવા મળે છે. નીચેના ગ્રેડ સુધી રિવર્સલ શક્ય છે — પણ ફાઇબ્રોસિસ પછી તે અત્યંત અઘરું બની જાય છે.

Grade 1 ફેટી લીવર → Grade 2 ફેટી લીવર → Grade 3 ફેટી લીવર → ફાઇબ્રોસિસ Fibrosis → સિરોસિસ Cirrhosis

◄—— અહીં સુધી રિવર્સ શક્ય ——► કાયમી ડેમેજ ►

ધ્યાન આપણો **પરંપરાગત ખોરાક** લીવર માટે બેસ્ટ છે — બસ તેમાંથી **તેલ, ખાંડ અને મેંદો** હટાવવા જરૂરી છે.

- **Grade 1–3 (ફેટી લીવર):** ચરબી ધીમે ધીમે વધે છે. આ તબક્કે **ડાયેટ અને લાઈફસ્ટાઈલ** બદલવાથી લીવર સંપૂર્ણ રિવર્સ થઈ શકે છે.
- **ફાઇબ્રોસિસ (Fibrosis):** લીવરમાં ડાઘ (scarring) પડવા લાગે છે. અહીંથી રિવર્સલ ઘણું અઘરું બને છે.
- **સિરોસિસ (Cirrhosis):** કાયમી ડેમેજ — લીવરનું કાર્ય ઘટી જાય છે. તેથી **વહેલી તકે** ધ્યાન આપવું જરૂરી છે.

મહત્વનું માત્ર **૭–૧૦% વજન ઘટાડવાથી જ** ફેટી લીવર આપોઆપ રિવર્સ થવા લાગે છે — દવા સાથે ડાયેટ જરૂરી છે.

03 ડાયેટ પ્લાન · DIET PLAN

# ફેટી લીવર રિવર્સ ડાયેટ.

આપણો પરંપરાગત ખોરાક લીવર માટે બેસ્ટ છે — બસ **તેલ, ખાંડ અને મેદો** હટાવો. નીચે દિવસભરનો સરળ ડાયેટ પ્લાન આપ્યો છે.

**સવારે · 8–9 AM**

મગ/ચણાના પુડલા, ઓટ્સ ઉપમા અથવા ફણગાવેલા કઠોળનો ચાટ. **+ ૧ કપ મોળી બ્લેક કોફી.**

**બપોરે · 1–2 PM**

મોટો બાઉલ સલાડ + ૧–૨ જુવાર/બાજરીના રોટલા + લીલા શાક + મગની દાળ + મોળી છાસ.

**સાંજે · 4:30–5 PM**

શેકેલા મખાના/ચણા, અથવા પલાળેલી બદામ-અખરોટ, અથવા ૧ મોસમી આખું ફળ.

**રાત્રે · 7–8 PM**

પાતળી ખીચડી + કઢી, અથવા મિક્સ વેજ સૂપ + જુવારનો રોટલો. **વહેલું જમવું.**

TIP ફ્રુટ **જ્યૂસ ક્યારેય ન પીવો** — હંમેશા આખું ફળ ખાવું. રોટલી પર તેલ-ઘી ચોપડવું નહીં.

04 પરેજી · WHAT TO AVOID

# આ વસ્તુઓ બંધ કરો.

મેગ્નેશિયમની જેમ લીવર પણ આપણા ખોરાક પર નભે છે. નીચેની ૪ વસ્તુઓ **સંપૂર્ણ બંધ** કરવાથી ફેટી લીવર ઝડપથી રિવર્સ થવા લાગે છે.

**ખાંડ અને ગળપણ** SUGAR · FRUCTOSE
મીઠાઈ, આઈસ્ક્રીમ, કોલ્ડ્રિંક્સમાં રહેલું ફ્રુક્ટોઝ સીધું લીવરમાં ચરબી જમા કરે છે.

**મેદો & બેકરી** REFINED FLOUR
બિસ્કિટ, પાંઉ, ખારી, પીઝા — આ બધું ઇન્સ્યુલિન રેઝિસ્ટન્સ વધારે છે.

**તળેલો ખોરાક** FRIED · REUSED OIL
ભજીયા, ગાંઠિયા, ફરસાણમાં વપરાતું રીયુઝ્ડ તેલ લીવરમાં સોજો (Inflammation) લાવે છે.

**રીફાઈન્ડ તેલ** REFINED OILS
સોયાબીન, સનફ્લાવર, પામ ઓઈલ બંધ કરી — શુદ્ધ સીંગતેલ/રાઈનું તેલ/ઓલિવ ઓઈલ ખૂબ ઓછી માત્રામાં.

નોંધ રીફાઈન્ડ ઓઈલ બદલે **શુદ્ધ સીંગતેલ, રાઈનું તેલ કે ઓલિવ ઓઈલ** — પણ આખા મહિને **૫૦૦ મિલીથી વધુ નહીં**.

04 ઘરગથ્થુ ઉપચાર · HOME REMEDIES

# ૬ અસરકારક ઉપચાર.

આયુર્વેદ અનુસાર પિત્તના સ્થાન (લીવર) પર **કફ અને મેદ** નું આવરણ ચડે ત્યારે ફેટી લીવર થાય. નીચેના **કફ-મેદ નાશક** ઉપચારો ઘરે સરળતાથી કરી શકાય.

**01 હળદર + મરી** — અડધી ચમચી હળદર + ચપટી મરી નવશેકા પાણી સાથે. Curcumin એન્ટી-ઇન્ફ્લેમેટરી છે.

**02 લસણ** — રોજ ૧-૨ કળી વાટીને. Allicin & Sulfur વજન અને ફેટી લીવર ઘટાડે છે.

**03 આદુ** — ઇન્સ્યુલિન રેઝિસ્ટન્સ ઘટાડે ને કફ દૂર કરે. લીંબુ-મરી સાથે લઈ શકાય.

**04 લીંબુ** — વિટામિન-C લીવરમાં Glutathione એન્ટીઓક્સિડન્ટ બનાવી ડિટોક્સ કરે છે.

**05 મીઠો લીમડો** — Hepatoprotective. ૧ ચમચી પેસ્ટ પાતળી છાસ સાથે.

**06 એપલ સાઇડર વિનેગર** — ૧ ચમચી પાણીમાં, જમવાના અડધો કલાક પહેલા.

નોંધ ગરમ પ્રકૃતિવાળા લોકોને આ ઉપચારો ગરમ પડી શકે — **આયુર્વેદિક ડૉક્ટરના માર્ગદર્શન હેઠળ જ** ડોઝ નક્કી કરવો. અસરકારક ઔષધો: કડુ, હળદર, ભોયઆમળી, ભાંગરો, કરિયાતું, ગિલોય (ગળો).

05 સ્પેશિયાલિસ્ટ સલાહ · GOLDEN ADVICE

# 3 સોનેરી સલાહ.

લીવર સ્પેશિયાલિસ્ટની આ **3 સોનેરી સલાહ** ડાયેટ સાથે અપનાવો — ફેટી લીવર ઝડપથી રિવર્સ થવા લાગશે.

01

### તેલ માપો

આખા મહિને એક વ્યક્તિનું તેલ **૫૦૦ મિલી** થી વધુ નહીં. શાક વઘારવા માત્ર **૧ નાની ચમચી**.

02

### બ્રિસ્ક વૉકિંગ

રોજ **૪૫ મિનિટ** એટલી ઝડપથી ચાલો કે પરસેવો વળે ને હાંફ ચડે. સામાન્ય લટારથી ચરબી નહીં ઓગળે.

03

### ૭–૧૦% વજન ઘટાડો

૯૦ કિલો છો તો **૮૦–૮૧ કિલો** ટાર્ગેટ. આટલું ઘટતા જ ફેટી લીવર આપોઆપ રિવર્સ થવા લાગે.

ધ્યાન યોગ અને પ્રાણાયામ પણ સાથે કરી શકો. **સાતત્ય (consistency)** જ સૌથી મોટી દવા છે — ધીરજ રાખો.

યાદ રાખો માત્ર દવાથી ફેટી લીવર મટતું નથી — **ડાયેટ, કસરત અને લાઈફસ્ટાઈલ** ત્રણેય સાથે બદલવા જરૂરી છે.

05 તાત્કાલિક · WHEN TO SEEK HELP

# તરત મેડિકલ મદદ લો.

## ⚠ નીચેનામાંથી કોઈ પણ લક્ષણ દેખાય તો ડૉક્ટરનો સંપર્ક કરો

→ હૃદયના ધબકારા અનિયમિત / ગંભીર નબળાઈ

→ શ્વાસ લેવામાં તકલીફ

→ વારંવાર ઉલટી અથવા ગંભીર ઝાડા

→ કમળો, પેટમાં તીવ્ર દુખાવો કે સોજો

DISCLAIMER

આ માહિતી માત્ર **શૈક્ષણિક હેતુ** માટે છે — તે વ્યક્તિગત તબીબી સલાહ નથી. માત્ર દવાથી ફેટી લીવર મટતું નથી; ડાયેટ અને લાઈફસ્ટાઈલ બદલવી જ પડે. કોઈપણ આયુર્વેદિક ઔષધ **ડૉક્ટરની સલાહ વગર** જાતે શરૂ ન કરવું.

06 ખાસ પેકેજ · TREATMENT PACKAGE

# Fatty Liver Reversal Package.

**લિવરને ફરીથી હેલ્ધી અને એક્ટિવ બનાવવાનો સંપૂર્ણ પ્રોગ્રામ**

ફેટી લિવર (Grade 1, 2, અથવા 3) ને જડમૂળથી રિવર્સ કરવા અને લિવરને નવું જીવન આપવા માટે ડિઝાઇન કરાયેલ **વન-સ્ટોપ સોલ્યુશન**.

SPECIAL PACKAGE OFFER

**₹7,999** /- Only

**3 મહિનાનો સંપૂર્ણ પ્રોગ્રામ · પર્સનલ કેર**

✓

## પેકેજમાં શું મળશે?

01

### પર્સનલ કન્સલ્ટેશન

ONE-ON-ONE ADVICE

ડૉ. કેદાર ઉપાધ્યાય સાથે ક્લિનિક પર રૂબરૂ અથવા ઘરે બેઠા ઓનલાઇન વિડીયો કોલ દ્વારા સીધી વાતચીત. ડૉક્ટર પોતે તમારી સમસ્યા સમજીને લાઈવ માર્ગદર્શન આપશે.

02

### 3 મહિનાની દવાઓ

3 MONTHS MEDICINES

લિવરને પ્રોટેક્ટ કરનારી અને જમા થયેલી ચરબી ઓગાળનારી ખાસ આયુર્વેદિક ઔષધિઓનો સંપૂર્ણ ૩ મહિનાનો કોર્સ.

03

### પર્સનલાઈઝ્ડ ડાયેટ

CUSTOMISED PLAN

તમારી દિનચર્યા અને જરૂરિયાત સમજીને માત્ર તમારા માટે બનેલો ૧૦૦% કસ્ટમાઇઝ્ડ ડાયેટ અને લાઈફસ્ટાઈલ ગાઈડલાઈન.

**શા માટે બેસ્ટ?** આ કોઈ જનરલ પ્લાન નથી. **ડૉ. કેદાર ઉપાધ્યાયનું સીધું માર્ગદર્શન** — જે તમારી મેટાબોલિક સિસ્ટમ અને ઇન્સ્યુલિન રેઝિસ્ટન્સ સમજીને લિવરને **નેચરલ રીતે રિવર્સ** કરવામાં મદદ કરશે.

06 બુકિંગ · BOOK A CONSULTATION

# ફેટી લિવર મુક્ત જીવન તરફ પહેલું કદમ.

## પેકેજની વિશેષતાઓ — એક નજરે

| સુવિધા | વિગત |
|---|---|
| **મુખ્ય નિષ્ણાત** | ડૉ. કેદાર ઉપાધ્યાય (Personal Care) |
| **પરામર્શ (Consultation)** | રૂબરૂ અથવા ઓનલાઈન વિડીયો કોલ |
| **દવાઓનો સમયગાળો** | ૩ મહિના (સંપૂર્ણ કીટ) |
| **ડાયેટ** | ૧૦૦% પર્સનલાઈઝ્ડ (તમારી જરૂરિયાત મુજબ) |
| **કુલ કિંમત** | માત્ર ₹7,999/- |

BOOK A CONSULTATION

### તમારા લીવર માટે વ્યક્તિગત માર્ગદર્શન જોઈએ છે?

દરેક શરીરની પ્રકૃતિ અલગ છે. યોગ્ય તપાસ, આયુર્વેદ આધારિત સારવાર અને કસ્ટમાઇઝ્ડ ડાયેટ પ્લાન માટે ડૉ. કેદાર ઉપાધ્યાય સાથે પરામર્શ કરો. **તમારી સોનોગ્રાફીના રિપોર્ટ સાથે આજે જ સંપર્ક કરો** અને ફેટી લિવર મુક્ત જીવન તરફ પહેલું કદમ વધારો.

☎ BOOK NOW | **+91 85111 31115**